# સમુદ્રની પટકથા

ગુજરાતી ભાષાના વાંચકો માટે એક અલગ પહેલ....સમુદ્રના વિવિધ જીવોની જીવન શૈલીનાં વર્ણનનો કઈંક અલગ અંદાજ

## ભાગ ૧૩ : "ફૂટી કૌડી"

કૌડી-ડમરી-ઢેલા-પૈસા-આના-રૂપિયા એવા કેટલાક નામોથી ભારતીય સંસ્કૃતિમાં ચલણ પ્રચલિત હતું. આજે તો એ સો-હજાર-લાખ-કરોડનાં ગુણાકમાં જ બોલાય. ભૂતકાળની વાત કરું તો વિશ્વનાં દરેક દેશમાં વેપાર કે આંતરિક આપ-લેનાં વિવિધ સ્વરૂપો જેમાં અનાજ-કપડા-મરી મસાલા-ખનીજો- સોના-ચાંદી-તાંબુ જેવા અનેક રૂપે સામ-સામે આપ-લે થતી. વેપારમાં સરળતા અને સમાનતા લાવવા વિવિધ દેશોમાં અલગ-અલગ ચલણનો જન્મ થયો. જેમાં જે-તે શાસન કરતાઓ દ્વારા સોના-ચાંદી-તાંબાનાં સિક્કા અને મહોરોનો ઉપયોગ શરૂ કર્યો. પરતું હજારો વર્ષો પહેલા સમુદ્ર તટે વિસ્તારમાં કે જ્યાં કોઈ ધાતુ મળવી મુશ્કેલ હતી એવા વિસ્તારમાં સમુદ્રમાંથી મળતી કૌડીનો ચલણ તરીકે ઉપયોગ શરૂ થયા હોવાનું અનુમાનિત થયું.

કૌડી સમુદ્રમાંથી મળતી આકારમાં નાની અને તે સમયે સરળતાથી ઉપલબ્ધ થતી ન હોવાથી ચલણ તરીકે પસંદગી થઈ હશે, એક-એક કોડીને અલગ-અલગ સાચવમાં કરતા કોડીના મધ્યમાં કાણું પાડીને એક નિયત સંખ્યામાં કૌડીઓને દોરી કે વેલ/મૂળ વડે બાંધી હાર બનાવી લંબાઈ અનુસાર અલગ-અલગ કીંમતે ઉપયોગ થતો. કૌડીના મધ્યમાં કાણું હોવાથી ભારતમાં તેને "ફૂટી કૌડી" નો દરજ્જો મળેલ.



ભારતનાં બંગાળ અને ઓરિસ્સામાં ૧૯મી સદી સુધી કૌડી ચલણ તરીકે ઉપયોગમાં હતી.વર્ષ ૧૮૨૧ નાં સમયગાળામાં કૌડી ચલણની કીંમત એક રૂપિયા સાપેક્ષે કઈ આવી હતી.

૨૫૬૦ કૌડી = ૧૬ આના = ૬૪ પૈસા = ૧૨૮ ઢેલા = ૧૯૨ પાઈ = ૨૫૬ ડમરી = ૧ રૂપિયો

એક સહજ પ્રશ્ન ઉદભવે કે આ કૌડીને ચલણ તરીકે કીંમત કેવી રીતે નક્કી થતી હશે...? જે વિસ્તારમાં કૌડી સરળતાથી ન મળી શકે તેવા સ્થળોએ એની કીંમત ખુબજ વધુ એટલે કે ૧ કૌડીની સામે એક ગાય ખરીદ થાય અને જ્યાં કૌડી પુષ્કળ પ્રમાણમાં મળી રહે ત્યાં હજારો કૌડી આપવી પડે એક સોનાનો સિક્કો માટે. અલગ-અલગ દેશ/સ્થળ મુજબ અલગ કીંમત, બંગાળમાં તો એક નિયત આકારની ડોલમાં ભરીને પણ તેની કિંમત નક્કી થતી. ભારતમાં કૌડી સૌથી નીચા મુલ્યેનું ચલણ એટલે જ પેલી કહેવતો પડી કે

**" ફૂટી કૌડી નહી મળે"**

**"અરે કૌડીની કીંમતે વેચાય છે..!"**


ચલણ તરીકે ઉપયોગમાં લેવાતી કૌડી એટલે Mollusca સમુદાય, Gastropod વર્ગ, Cypraeidae કુટુંબની પ્રજાતિનાં જીવ Monetaria moneta તથા Monetaria annulus નું કવચ/ખોલ, ૧૦ થી ૨૫ મીમી નો આકાર, દેખાવે આછો પીળો અને સફેદ રંગનું સમન્વય, હિન્દ-પ્રશાંત મહાસાગરમાં કોરલ કે પથ્થરાળી તળેટી વિસ્તારમાં મળી રહે, આ જીવનો ખોરાકમાં સમુદ્રી શેવાળ અને તેનું બાહ્ય કવચ/ખોલ એટલે કૌડી. જે આકારે એકદમ લીસ્સી સપાટી,પીઠ પર ટેકરા જેવો ઉભાર જયારે નીચેનો ભાગ સપાટ અને મધ્યમાં છિદ્ર/ફાટ ધરાવે, જે ફાટ થકી કૌડીમાં રહેતો જીવ પોતાના અંગોને જરૂરીયાત અનુસાર કવચ/કૌડીની આદર/બહાર કરી શકે. એશિયા તથા આફ્રિકામાં કૌડીનો ઉપયોગ ચલણ તરીકે થતો હતો, આ સિવાય ઘરેણા તથા સુશોભન આર્ટીકલ્સ માટે મહત્તમ ઉપયોગ થાય, તેમજ આ પ્રજાતિની કૌડી ભૂતકાળમાં ચલણ તરીકે ઉપયોગમાં લેવાતી હોવાથી હાલ પણ ભારતમાં આ પ્રજાતિની કૌડીને લક્ષ્મીનાં પ્રતિક રૂપે પૂજન કે વસ્તુશાસ્ત્ર માટે ઉપયોગમાં લેવાય. બાકી લક્ષ્મીનાં પ્રતિક કહેવા સાથે ઘણી દંતકથા જોડાય એ વાત અલગ.





આશ્ચર્યતો ત્યાં થયુ કે દરિયાકિનારે વસેલા દેશ Papua New Guinea માં આદિવાસી પ્રજાતિનો વસવાટ વધુ જેમાં Tolai પ્રજાતિ દ્વારા ૨૦૨૦માં કોરોના મહામારીને કારણે ટ્રાન્સપોર્ટ બંધ થવાથી અને આર્થિક તંગીને પહોચી વળવા ફરી કૌડી ચલણનો (Shell Money) ઉપયોગ શરૂ કર્યો, જે ચલણને સ્થાનીય ભાષામાં “Tabu” કહેવાય જેમાં વિવિધ શંખ તથા કૌડીનાં ટુકડાનો હાર બનાવી ચલણ તરીકે ઉપયોગ થાય, એક હાથનાં માપનાં કૌડીનાં હારની સામે એક પેકેટ ચોખા મળે. માલસામન આપલે તેમજ સ્કુલ ફી અને ટેક્ષ ભરવા માટે પણ તેનો ઉપયોગ થાય...!

બસ હું તો રાહ જોઈ બેઠો કે ભારતમાં આવુ કઈ થાય અને કૌડી ચલણ ફરી શરૂ થાય, એટલે હું પણ કરોડપતિની યાદીમાં આવી જઈશ....!!!



https://conchology.co.in

www.facebook.com/conchology.co.in

- મેહુલ & હિરલ (તા.૧૩/૦૧/૨૦૨૧)